Extra No. 222

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, JULY 28, 2026 / SRAVANA 6, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

સી.આ.ડી.ક્રાઈમ અમદાવાદ ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૪/૨૦૨૦ થી દાખલ થયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબત.

ગૃહ વિભાગ

હૂકમ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઇ, ૨૦૨૬

ક્રમાંક: GHG/90/2026/AGN/102026/GPID-03/SB-4:- પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્યનો તા.૧૨.૦૬.૨૦૨૬નો પત્ર ક્ર.સીઆઇડી/EOW & FC-CC/SIMU-1/૪૬૧/૨૦૨૬થી સી.આ.ડી.ક્રાઈમ અમદાવાદ ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૪/૨૦૨૦ થી ઈ.પી.કો.કલમ-૪૦૬, ૪૨૦, ૧૧૪, ૧૨૦(બી) તથા ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ની કલમ-૩ હેઠળ તા.૧૦.૦૭.૨૦૨૦ના રોજ નોંધાયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકતો ટાંચમાં લેવા બાબતે હુકમ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

૨. આ કેસની હકીકત એવી છે કે, આ ગુનાના આરોપીઓએ ભેગા મળી મુંબઈ ખાતે પોલોનિક્ષ મિડીયા & એન્ટરટીએન્મેન્ટ પ્રા. લી. કંપની તથા ઈજીપે વૉલેટ નામની એપ્લીકેશન બનાવી, ડાયરેક્ટરોનો હોદ્દો ધારણ કરી આ ગુનાના સહ આરોપી રાહુલકુમાર શીશુકુમાર શીંગના નામે લખનૌ ખાતે રજીસ્ટ્રેશન કરાવી અને એક્સિસ બેંક લખનૌ ખાતે બેંક એકાઉન્ટ ખોલાવી, અમદાવાદ ખાતે આવી સાહેદો અને ફરિયાદીને રોકાણ કરવા ઉપર ૪૦% સુધી વળતર આપવાની લાલચ આપી, સાહેદો અને ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરી, આ ગુનામાં કુલ-૦૭ ભોગ બનનાર રોકાણકારોએ રોકેલ કુલ રકમ રૂ.૧૨,૪૬,૦૦૦/- જેટલી રકમનું રોકાણ કરાવી તે રોકાણ પૈકી રૂ.૨,૭૭,૦૦૦/- નું વળતર સાહેદોને ચુકવી રોકાણની બાકી રકમ રૂ.૯,૬૯,૦૦૦/- નાણા પરત નહી આપી ફરિયાદી તથા અન્ય ભોગ બનનાર/સાહેદો/ રોકાણકારો સાથે છેતરપીંડી કરી ગુનાહિત કૃત્ય આચરેલ છે.

૩. આ ગુનાની તપાસ દરમિયાન જણાય આવેલ વિગતો અનુસાર, આરોપીઓ દ્વારા તેઓની ગુનાહિત પ્રવૃતિઓ મારફતે એકત્રિત કરવામાં આવેલ આરોપીઓના બેંક ખાતાઓમાં જમા રહેલ રકમ કુલ રૂ.૨,૨૪,૬૨૫.૪૮/- થાય છે.

૪. આથી, રોકાણકારોના હિતને ધ્યાને લેતાં તથા છેતરપિંડીના બનાવો બનતા અટકાવવા તથા રોકાણ-કર્તાઓને પોતાના નાણા પરત મળે તે હેતુથી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ ૪(૧) હેઠળ આરોપીઓની કોષ્ટક-૦૧ માં દર્શાવ્યા મુજબની મિલકતો/સંપત્તિઓ ટાંચમાં લેવા હુકમ કરવા જરૂરી છે.

૫. આથી, સી.આ.ડી.ક્રાઈમ અમદાવાદ ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૪/૨૦૨૦ થી દાખલ થયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ કલમ ૪(૧) હેઠળ આરોપીઓની નીચે કોષ્ટક-૦૧ માં દર્શાવ્યા મુજબના બેંક એકાઉન્ટસ ટાંચમાં લેવા તથા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ(પૂર્વ)ને "કોમ્પીટન્ટ ઓથોરીટી" તરીકે ડેઝીગ્નેટેડ કોર્ટ ના આખરી હુકમ સુધી પ્રોપર્ટી તેઓના હસ્તક રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

કોષ્ટક-૦૧

ક્ર.	એકાઉન્ટ હોલ્ડરનું નામ	બેંકનું નામ	એકાઉન્ટ નંબર	રકમ રૂ.
૦૧	કમલેશચંદ્ર s/o રામફકીરે શાહુ, રહે. ૧૯૩/બી, ધારૂપુર બહેલા રોડ, ધારૂપુર પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ.	બેંક ઓફ બરોડા, ધારપુર, યુ.પી. અવધેશ ઈન્ટરમિડીયેટ કોલેજ, પો.જલેસપુર, પ્રાગા, યુ.પી.	40930200000044	1,71,588.44
૦૨	કમલેશચંદ્ર s/o રામફકીરે શાહુ, રહે. ૧૯૩/બી, ધારૂપુર બહેલા રોડ, ધારૂપુર પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ.	ઈન્ડસ ઈન્ડ બેંક, વિભુતી ખંડ, સાયબર હાઈટ્સ, લખનઉ, ઉત્તરપ્રદેશ	159415154958	53,037.04
			કુલ	**2,24,625.48/-**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

ડૉ. હર્ષિત ગોસાવી,

સરકારના અધિક સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.08.04 13:01:33 IST